Extra No. 61

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, FEBRUARY 26, 2026 / PHALGUNA 07, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આમુખ:

(૧) અત્રેના તા.૦૬/૧૨/૨૦૨૫ના જાહેરનામા નં. પી.ઓ.એલ.-૨/૨સ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૧૭૯૩/૨૦૨૫

(૨) અત્રેના તા.૦૬/૦૧/૨૦૨૬ના પત્ર નં.ડીસી/પીઓએલ-૨/વશી/૨૪/૨૦૨૬

(૩) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. હિંમતનગરના તા.૨૨/૦૧/૨૦૨૬ના પત્ર નં.ડીસી/એચએમટી/ટીઆર/ઓપ/૨૦૭

(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ, સા.કાં.ના તા.૧૦/૦૨/૨૦૨૬ના પત્ર નં.પીબી/૧૧૨/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું

નં.પી.ઓ.એલ.-૨/૨સ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૨૨૯/૨૦૨૬.-આમુખ-(૧)ના આદેશની વિગતે અત્રેથી દાવડ-આરસોડીયા-સમેશ્વર રોડ પર મોટા/ભારે વાહનોની અવર-જવર બંધ કરી હિંમતનગર-ઈલોલ-દાવડ-દેશોતર થી વલાસણા થઈ રણશીપુર-વિજાપુર વૈકલ્પિક રૂટ પર ડાયવર્ટ કરવા અંગે તા.૦૬/૧૨/૨૦૨૫ થી તા.૦૫/૦૩/૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આમુખ-(૨)ના અત્રેની કચેરીના પત્રની વિગતેથી દાવડ-આરસોડીયા-સમેશ્વર રૂટ પરથી ભારે વાહનોની અવર જવર માટેના પ્રતિબંધિત જાહેરનામા અનુસંધાને પ્રજાજનો તરફથી મળેલ વિવિધ રજુઆતો તથા જાહેરહિત ને ધ્યાને લેતાં, એસ.ટી. બસો પુરતુ મુક્તિ આપવા પાત્ર જણાતું હોય તો કાર્યપાલક ઈજનેરશ્રી(પંચાયત), હિંમતનગર અને વિભાગીય નિયામકશ્રી એસ.ટી. વિભાગ હિંમતનગરને મીડી એસ.ટી. બસો માટે મુક્તિ આપવા સંબંધે અભિપ્રાય મોકલી આપવા જણાવેલ.

આમુખ-(૩) ના પત્રની વિગતે હિંમતનગર થી વિજાપુર વાયા ઈલોલ, દાવડ, સમેશ્વર ચો., આરસોડીયા, સરદારપુર, લાડોલ સંચાલન એસ.ટી. નિગમની મીડી વાહનની સાઈઝ અને વજનનું પત્રક સામેલ રાખી મીડી બસો પુરતી મંજુરી મળવા માંગણી કરેલ છે.

આમુખ-(૩) ના અનુસંધાને આમુખ-(૪)ના પત્રની વિગતે દાવડ-આરસોડીયા-સમેશ્વર રોડ પર એસ.ટી. નિગમની મીડી વાહનની અવર-જવર માટે મંજુરી અંતર્ગત ૩.૦૦ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી મીડી બસની અવર-જવર માટે કોઈ વાંધા સરખું નથી તેમ જણાવેલ છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, દાવડ-આરસોડીયા-સમેશ્વર રોડ પર મોટા/ભારે વાહનોની અવર જવર બંધ કરી હિંમતનગર-ઈલોલ-દાવડ-દેશોતર થી વલાસણા થઈ રણશીપુર-વિજાપુર વૈકલ્પિક રૂટ પર ડાયવર્ટ કરવા અંગેના આમુખ (૧)થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામામાંથી એસ.ટી. નિગમની ૩.૦૦ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી મીડી એસ.ટી. બસોને મુક્તિ આપવા હુકમ કરૂ છું.

આજ તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 12:49:56 IST